ગુજરાતમિત્ર

ગતિવિધિ

બ્રહ્માકુમારીઝનાં અલકાપુરી સબઝોન દ્વારા શિવ જયંતી મહોત્સવ

વડોદરા : બ્રહ્માકુમારીઝનાં અલકાપુરી સબઝોન દ્વારા શિવરાત્રીનાં ઉપલક્ષ્યમાં યોજાયેલ ૯૦મી ત્રિમૂર્તિ શિવ જયંતી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સબઝોન વડા ડૉ. નિરંજનાદીદી, ગુજરાત રીફાઇનરી કોરગ્રુપનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર સુનીલકુમાર સિંહા, HCG કેન્સર હોસ્પિટલનાં પૂર્વ ડાયરેક્ટર ડૉ. રાજીવ ભટ્ટ, ગાયનેકોલોજિસ્ટ ડૉ. મોનાબેન ભટ્ટે તથા અંધશ્રધ્ધા નિવારણ કેન્દ્રનાં સ્થાપક પ્રસિદ્ધ કથાકાર જી જાની મહારાજે સંબોધ્યા હતા. બ્ર. કુ. મીનાબેને રાજયોગાભ્યાસ કરાવ્યો હતો. બ્ર. કુ. જીતુભાઈ પટેલે આભાર વિધિ કરી હતી તથા બ્ર. કુ. નરેન્દ્ર પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કચેરી દ્વારા "યુથ એસેમ્બલી" યોજાશે

વડોદરા : જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કચેરી, વડોદરા દ્વારા ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ "યુથ એસેમ્બલી" કાર્યક્રમ યોજાશે. વડોદરા ગ્રામ્ય તથા વડોદરા શહેરની તમામ વિધાનસભા બેઠકો માટે યુવાનોમાં લોકશાહી પ્રત્યે જાગૃતિ લાવવા હેતુસર આ આયોજન કરાયું છે. જેમાં વડોદરા ગ્રામ્ય અને શહેરની તમામ વિધાનસભા વિસ્તારોના ૧૫ થી ૨૮ વર્ષના યુવાનો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોએ નિર્ધારિત વિષય પર પાંચથી દસ મિનિટનું વક્તવ્ય રજૂ કરવાનું રહેશે. વક્તવ્ય ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં આપી શકાશે. પ્રાથમિક તબક્કામાં પસંદ થયેલા સ્પર્ધકોને "જિલ્લા કક્ષાની યુથ એસેમ્બલી"માં ભાગ લેવાની તક અપાશે. સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છુક ઉમેદવારોએ સંપૂર્ણ વિગતો સાથેનું અરજીપત્ર તા. ૨૦/૦૨/૨૦૨૬ સાંજે ૪.૦૦ વાગ્યા સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કચેરી, વડોદરા ગ્રામ્ય/શહેર, ક્યુ એન્ડ ક્યુ લેબોરેટરી (જૂની બિલ્ડિંગ), ગાયકવાડ ક્લબ, પોલીટેક્નિકની બાજુમાં, મેઈન રોડ, વડોદરા - ૩૯૦૦૦૨ ખાતે જમા કરાવવાનું રહેશે.

પ્રજાપિતા બ્રહ્માકુમારીસ વિજયનગર સેન્ટર દ્વારા શિવરાત્રીએ કાર્યક્રમો યોજાયા

વડોદરા : મહા શિવરાત્રી ના પાવન પર્વ નિમિત્તે કાર્યક્રમ તારીખ : ૧૬-૨-૨૬ સોમવાર રખાયો , જેમાં બ્રહ્માકુમારીસ ક્ષેત્રીય નિર્દેશિકા રાજદીદી એ આશીર્વચન આપ્યા, બીકે તરલિકા દીદીએ શિવરાત્રી નું આધ્યાત્મિક રહસ્ય સમજાવ્યું અને વિજયનગર સેંટર ના મુખ્ય સંચાલિકા બીકે પારૂલબેન એ શબ્દો દ્વારા સ્વાગત કર્યુ. આ કાર્યક્રમ માં મુખ્ય અતિથિ શિક્ષણ સમિતિ ચેરમેન આદિત્યભાઈ પટેલ એ હર્ષ સાથે જણાવ્યું કે બ્રહ્મા કુમારીઝ સંસ્થા એ માનવ જીવન માં ચરિત્ર નિર્માણ નું કાર્ય કરી રહી છે.

એડવોકેટ દીપકભાઈ અમીનને સોશિયલ અચીવર્સ એવોર્ડ એનાયત

વડોદરા : કર સલાહકાર અને એડવોકેટ દીપકભાઈ પ્રવિણભાઈ અમીનને ગુજરાતના પાવાગઢ ખાતે યોજાયેલ સમારોહમાં સોશિયલ અચીવર્સ એવોર્ડ ૨૦૨૬થી સન્માનિત કરવામાં આવ્યા છે. આ એવોર્ડ સમારોહનું આયોજન મેક્સવિન હ્યુમન કેર ફાઉન્ડેશન નામની રાષ્ટ્રીય સ્તરની માનવ સેવા સંસ્થા દ્વારા, સિટી સ્ટાર ન્યૂઝ મીડિયા ના સહયોગથી પાવાગઢ ખાતે કરવામાં આવ્યું હતું. સમાજ પ્રત્યેના તેમના નોંધપાત્ર યોગદાન, વ્યવસાયિક ઉત્તમતા, નેતૃત્વ તથા સમાજ કલ્યાણ માટેની પ્રતિબદ્ધતા બદલ તેમને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ એવોર્ડ સંસ્થાના સ્થાપક અને અધ્યક્ષ શહાબુદ્દીન વોર્સી ના હસ્તે પ્રદાન કરવામાં આવ્યો હતો.

યુનિટી સોશિયલ ગ્રૂપ દ્વારા કેમ્પ યોજાયોઃ 725 લોકોએ રક્તદાન કર્યું

વડોદરા : યુનિટી સોશ્યલ ગૃપ વડોદરા ખાતે યુનિટી સોશ્યલ ગૃપ દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે વાડી વિસ્તારના બવાહિર હોલમાં એક વિશાળ બ્લડ ડોનેશન કેમ્પનું સુંદર આયોજન કરાયું હતું. જેમાં કુલ 725 જાગૃત નાગરિકોએ ઉત્સાહભેર રક્તદાન કરીને પુણ્યનું ભાથું બાંધ્યું હતું. આ કેમ્પની વિશેષતા એ રહી કે તેમાં મહિલાઓ પણ મોખરે રહી હતી. અંદાજે 125 મહિલાઓએ રક્તદાન કરી સમાજમાં નવી ચેતના જગાડી હતી. રક્તદાન કરનાર તમામને ગિફ્ટ આપવામાં આવી હતી તેમ પ્રમુખ જાવેદ ધૂપેલવાલાએ જણાવ્યું હતું.

નોકરીમાંથી છુટા કરાયાની અદાવતે રાખી મોટી ઘટનાને અંજામ આપવાની કોશિશ

રણોલીના પૂર્વ મહિલા સરપંચના પતિ સહિત બે ભાઈએ ૩.50 લાખની ખંડણી માગી

રાજકીય વગ ધરાવતા પૂર્વ મહિલા સરપંચના પતિએ અગાઉ નોકરી નહી કરી હોવા છતાં દાદીગીરીથી ૩.19.07 લાખ પડાવ્યાં

કર્મચારીઓને પણ સોનું તથા રૂપિયા આપ્યા છે તેવા ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી

મિનેશ પટેલ તથા જયેશ પટેલનો ફોન સંજયભાઇ ઉપાડવાનું બંધ કરી દીધુ હતું. તો અન્યના મોબાઇલ પર ફોન કરી સંજયભાઇને ફોમ કરવા કહ્યું હતું. સંજયભાઇએ મિનેશ પટેલને ફોન કરતા જેમાં મીનેશ પટેલ ગાળો બોલીને પોતાનો ગુનો છુપાવવા માટે સંજીવભાઇને સોનુ અને પૈસા આપ્યાં છે એવો ખોટો આક્ષેપ કરી તે પૈસા મને આપી દો નહી તો મિડીયાને લઈને કંપની ઉપર આવીશ તમારા ત્રણના ટોટીયા ભાગી નાખીશ અને બહારથી માણસો બોલાવી તમામને જાનથી મારી નાખીસ તેવી ધમકી આપી હતી.

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલી ગુલમહોર વેસ્ટ નારાયણ ગાર્ડન સોસાયટીમાં રહેતા યોગેશચંદ્ર વિપાપ્રસાદ દુબેએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે જયંત એગ્રો ઓર્ગનીક્સ લીમીટેડ કંપનીમાં હેડ કોર્પોરેટ અફર્સના હોદ્દા પર નોકરી કરૂ છુ. રણોલી ખાતે જયંત એગ્રો ઓર્ગનીક્સ લીમીટેડ કંપનીમાં રણોલીના મીનેશ જયંતીલાલ પટેલ વર્ષ 1996થી લેબ બોય તરીકે નોકરી કરતો હતો. લેબ બોય સેમ્પલ લાવવા, સેમ્પલને ચેકીંગ કરવા આપવું અને સેમ્પલના વાસણોની સફાઈનુ કાર્ય હતું, મીનેશ પટેલ રાજકીય વગ ધરાવે છે. તેમના ભાઈ જયેશ જયંતીલાલ પટેલ જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ તથા સભ્ય રહી ચુકયા છે અને તેની પત્ની રણોલી ગ્રામ પંચાયતમાં સરપંચ હતા વર્ષ 2024માં કંપનીમાં સીનીયર મેનેજર તરીકે નરોત્તમભાઈ માંગલીયા હતા. વર્ષ 2025 ધ્યાનમાં આવ્યુ કે મીનેશ પટેલ લેબ બોય તરીકે રેગ્યુલર નોકરી પર આવતો નથી અને ગેરહાજર રહી મફતમાં પગાર મેળવી રહ્યો છે. જેથી સીનીયર મેનેજર નરોત્તમ માંગલીયાને પુછતાં આ લોકો રાજકીય વગ ધરાવે છે. વગર નોકરીએ પગાર ન આપે તો મિનેશ પટેલ ઉપદ્રવ મચાવી અવાર-નવાર આવવા જવાના રસ્તા પર રોકી કંપની બંધ કરવાની ધમકી આપે છે અને સ્થાનિક નેતાઓના નામ લઈને દાદાગીરી પણ કરતો હોય છે. તેઓએ આ પગાર ચુકવણી જાન્યુ-2024થી મેનેજમેન્ટને જાણ કર્યા વગર નરોત્તમભાઈએ ચુકવી દીધો હતો. મીનેશ પટેલે નિયમિત નોકરી ન કરી જાન્યુઆરી 2022થી નવેમ્બર 2023 રૂ. 10ય24 લાખ તથા જાન્યુઆરી 2024થી ઓગસ્ટ 2025 સુધી રૂ 8.83 લાખ મળી કુલ રૂ. 19.07 લાખની રકમ બળજબરી પુર્વક ધમકીઓ આપીને કંપની પાસેથી પડાવી લીધી હતી. ઉપરાંત કંપનીના કર્મચારી રાજીવભાઈ તથા વિનોદભાઈ તેમજ અમને આ બન્ને ભાઈ મિનેશ પટેલ તથા જયેશ પટેલ ખોટા કેસોમાં કંપનીને ફસાવી દેશે એવી ધમકી આપી અને મારો પગાર આપો નહીંતર મને રૂ. 50 લાખ નહીં આપો તો ગંભીર પરીણામ ભોગવવા પડશે તેવી ધમકી આપી અમારી પાસે ખંડણી માંગી હતી. આ બાબતે કંપનીના માલિકોને પણ જાણ કરી હતી. પોલીસે બંને ભાઇ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરામાં ૨૪ ફેબ્રુઆરીએ ભવ્ય રોજગાર ભરતી મેળો યોજાશે

મુંબઈ અને જામનગરની ખ્યાતનામ કંપનીઓ દ્વારા ૧૦૦થી વધુ જગ્યાઓ માટે ઈન્ટરવ્યુ લેવાશે; બી.ઈ., ડિપ્લોમા, એમ.બી.એ. અને એમ. કોમ. પાસ ઉમેદવારો ભાગ લઈ શકશે

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરાના યુવાનોને ખાનગી ક્ષેત્રની નામાંકિત કંપનીઓમાં રોજગારીની ઉત્તમ તકો પૂરી પાડવા માટે આગામી તા. ૨૪/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ ઈન્ફોર્મેશન એન્ડ ગાઈડન્સ બ્યુરો (યુ.ઈ.બી.) દ્વારા ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. કમાટીબાગની સામે અને યુનિવર્સિટી ગેસ્ટ હાઉસની બાજુમાં આવેલી 'યુઈબી' કચેરી ખાતે યોજાનારા આ ભરતી મેળામાં મુંબઈ અને જામનગરની પ્રતિષ્ઠિત કંપનીઓ દ્વારા ૧૦૦થી વધુ વિવિધ જગ્યાઓ માટે સીધી ભરતી કરવામાં આવશે. આ ભરતી મેળા અંગે વિગતો આપતા યુઈબીના નાયબ વડા શ્રી અલ્પેશ એલ. ચૌહાણે જણાવ્યું છે કે, બી.ઈ./ડિપ્લોમા (મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, ઈન્સ્ટ્રુમેન્ટેશન, કેમિકલ) તેમજ એમ.બી.એ. અને એમ. કોમ. ની શૈક્ષણિક લાયકાત ધરાવતા ૩૮ વર્ષ સુધીના અનુભવી અને બિન-અનુભવી તમામ મહિલા તથા પુરુષ ઉમેદવારો આ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. પ્લાન્ટ ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સ, ક્વોલિટી, યુટિલિટી, પ્રોડક્શન પ્લાનિંગ, વેરહાઉસ મેનેજમેન્ટ, સેફ્ટી-સાઈટ સુપરવાઈઝર અને HR ટેલેન્ટ એક્વિઝિશન જેવી વિવિધ કેડર માટે પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

મોટનાથ હિંદુ સંમેલનમાં હિંદુ સંસ્કૃતિ, આધુનિક શિક્ષણ અને રાષ્ટ્રવિચાર પર માર્ગદર્શન

(પ્રતિનિધિ) વડોદરા તા.17

મોટનાથ નગર, સયાજી વિસ્તાર, વડોદરા મહાનગર દ્વારા આયોજિત વિશાળ હિંદુ સંમેલનમાં હિંદુ સંસ્કૃતિ, આધુનિક શિક્ષણ નીતિ અને રાષ્ટ્રવિચાર અંગે મહત્વપૂર્ણ વિચારો રજૂ કરવામાં આવ્યા. સંમેલનમાં મુખ્ય વક્તા/અતિથિ તરીકે સ્વામીની ધર્માનંદજી સરસ્વતી (હિંદુ ધર્મશાસ્ત્ર, સંત સંસ્કૃતિ), ડૉ. રમેશચંદ્ર કોઠારી (આધુનિક સમાજની શિક્ષણ નીતિ) અને શ્રી મનસુખભાઈ પટેલ (RSSના 100 વર્ષની યાત્રા) ઉપસ્થિત રહ્યા.

સ્વામીની ધર્માનંદજી સરસ્વતીએ આશીર્વચન આપતાં જણાવ્યું કે હિંદુ સંસ્કૃતિની જાળવણી કરવી એ આપણી જવાબદારી છે અને હિંદુ સંસ્કૃતિ તથા ધર્મના મૂળ વેદોમાં છે. દરેક સંસ્કૃતિનો પાયો અને રહસ્ય વેદોમાં સમાયેલું હોવાનું તેમણે જણાવ્યું.

ડૉ. રમેશચંદ્ર કોઠારીએ આધુનિક શિક્ષણ પદ્ધતિ અને તેમાં રહેલા પડકારો પર પ્રકાશ પાડતાં જણાવ્યું કે ભારતને નવી શિક્ષણ નીતિ દ્વારા શિક્ષણ વિકાસની નવી દિશા મળી રહી છે. તેમણે આવનારા સમયમાં Creativity અને Innovation-based learningના ખ્યાલ પર વિશેષ અમલ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

અંતમાં શ્રી મનસુખભાઈ પટેલે RSSના શતાબ્દી વર્ષ અને અત્યાર સુધીના વિસ્તૃત સંઘકાર્યો અંગે વિગતવાર માહિતી આપી. તેમણે આધુનિક સમયમાં પંચ પરિવર્તનનો સંદેશ આપતાં સામાજિક સમરસતા, કુટુંબ પ્રબોધન, નાગરિક કર્તવ્ય, સ્વ આધારિત જીવનશૈલી અને પર્યાવરણ સંરક્ષણ માટે માર્ગદર્શન પૂરું પાડ્યું. સંગઠિત સમાજ દ્વારા અખંડ ભારત અને સમર્થ ભારતના સ્વપ્ન અને સંકલ્પ વિષે પણ તેમણે ચર્ચા કરી.

સંમેલન દરમિયાન શંખનાદ, ગણેશ વંદના, વંદે માતરમ પર નૃત્ય-ભજન, કીર્તન, વેશભૂષા સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા. અંતમાં પુલવામા હુમલાની ટક્કી પુણ્યતિથિ નિમિત્તે શહીદોને બે મિનિટ મૌન ધારણ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી *"વંદે માતરમ"*ના ગાન સાથે સમાપન થયું.

JEE Mains 2026માં દેવ પ્રજાપતિ 99.967 PR સાથે વડોદરામાં પ્રથમ

વડોદરાઃ ભારત સરકારની સર્વશ્રેષ્ઠ માનાતી IIT અને NIT જેવી પ્રોધ્યોગિક સંસ્થાઓમાં પ્રવેશ માટે લેવાતી JEE Mains 2026ના પ્રથમ ચરણમાં વડોદરાના ફિનિક્સના વિદ્યાર્થી દેવ પ્રજાપતિએ 99.967 PR સાથે સમગ્ર વડોદરામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે.બી

ગત વર્ષની પરંપરા જાળવી રાખતા આ વર્ષે પણ ફિનિક્સ ઈન્સ્ટિટ્યૂટના 32 વિદ્યાર્થીઓએ 99 PRથી વધુ સ્કોર મેળવી શ્રેષ્ઠ પરિણામો નોંધાવ્યા છે. આવનારા *JEE Mains એપ્રિલ 2026 (દ્વિતીય ચરણ)*માં વધુ વિદ્યાર્થીઓ સફળતા મેળવશે તેવી સંસ્થાને આશા છે. ફિનિક્સ ઈન્સ્ટિટ્યૂટ વડોદરામાં મકરપુરા, અટલાદરા, કલાલી, હરણી સહિત અનેક વિસ્તારોમાં કાર્યરત છે. સંસ્થાના ફાઉન્ડર અને ડાયરેક્ટર મુકેશ દાદવાણીએ જણાવ્યું કે છેલ્લા 15 વર્ષથી ફિનિક્સ JEE, NEET, HSC, GUJCET અને SSC બોર્ડમાં સતત શ્રેષ્ઠ પરિણામો આપતી આવી છે.

નૃત્ય શૈલીઓ દ્વારા સંસ્કૃતિનો વૈવિધ્યસભર પરિચય અપાશે

પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીમાં નૃત્ય વિભાગ દ્વારા બે દિવસીય સેમિનાર યોજાશે

વિદ્વાનો અને કલાકારો ઉપસ્થિત રહી પોતાના સંશોધન આધારિત વિચારો રજૂ કરશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

એમ.એસ.યુનિવર્સિટીની પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીના નૃત્ય વિભાગ દ્વારા 20 અને 21 ફેબ્રુઆરીએ યોજાનાર આંતરરાષ્ટ્રીય સેમિનાર તથા 22 ફેબ્રુઆરીએ યોજાનાર ભૂતપૂર્વ વિદ્યાર્થી મિલન સમારોહ અંગે માહિતી આપવા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

20 અને 21 ફેબ્રુઆરીએ નૃત્ય વિભાગ દ્વારા પ્રદર્શન કલા અને દૃશ્ય કલામાં પ્રાચીન તથા આધુનિક સાહિત્ય તથા તેની પ્રયોગશીલતા વિષય પર આંતરરાષ્ટ્રીય સેમિનાર યોજાશે. આ સેમિનારમાં દેશ-વિદેશના પ્રતિષ્ઠિત વિદ્વાનો અને કલાકારો ઉપસ્થિત રહી પોતાના સંશોધન આધારિત વિચારો રજૂ કરશે. સેમિનારના મુખ્ય અતિથિ તરીકે પદ્મશ્રી ડો. પુરુ દાધીચ ઉપસ્થિત રહેશે. મુખ્ય પ્રવચન પદ્મશ્રી ગુરુ શોવના નારાયણ દ્વારા આપવામાં આવશે. આ ઉપરાંત વિવિધ કલાશાખાના નિષ્ણાતો માર્ગદર્શન આપશે, જેમાં ડો. કેશવ ચૈતન્ય કુન્ટે વોકલ સંગીત, ડો. કનૈયાલાલ પટેલ ફાઇન આર્ટ્સ, ડો. સંગીતા શંકર ઈન્સ્ટ્રુમેન્ટ , ડી પદ્મ કુમાર થિયેટર અને ડો. રાહુલ સ્વર્ણકાર તબલા તથા આંતરરાષ્ટ્રીય નિષ્ણાંત મિસ.ધન્યા જોઈસનો સમાવેશ થાય છે. તેમના માર્ગદર્શનથી પ્રદર્શન કલા અને દૃશ્ય કલા પરફોર્મિંગ અને વિઝ્યુઅલ આર્ટ્સના વિવિધ પાસાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા અને વિચારવિમર્શ થશે. આ સેમિનાર અંતર્ગત પ્રથમ દિવસીય સંધ્યા સમયે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ફેકલ્ટીના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ દ્વારા નૃત્યની રજૂઆત કરવામાં આવશે. પરંપરાગત તેમજ આધુનિક નૃત્ય શૈલીઓ દ્વારા સંસ્કૃતિનો વૈવિધ્યસભર પરિચય આપવામાં આવશે.

સુરત-વડોદરા સેક્શન પર બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વડોદરા ડિવિઝનના સુરત - વડોદરા સેક્શન પર બ્રિજ નંબર 551 પર સ્ટીલ ગર્ડરને PSC ગર્ડરથી બદલવા માટે, 18 ફેબ્રુઆરીએ અપ લાઇન પર અને 19 ફેબ્રુઆરી, 2026 ના રોજ ડાઉન લાઇન પર 3.30 કલાકનો બ્લોક અમલમાં મૂકવામાં આવશે. પરિણામે ટ્રેનો પ્રભાવિત થશેઃ 17મીએ ઉપડતી ટ્રેન નંબર 19020 હરિદ્વાર - બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ 18 ફેબ્રુઆરીના રોજ વડોદરા ડિવિઝન પર 20 મિનિટ માટે નિયમન કરવામાં આવશે. 18 ફેબ્રુઆરીના રોજ ઉપડતી ટ્રેન નંબર 19012 દાહોદ - વલસાડ ઈન્ટરસિટી એક્સપ્રેસ, વડોદરા ડિવિઝન પર 10 મિનિટ માટે નિયમન કરવામાં આવશે. 19મીએ ડાઉન લાઇન પર બ્લોકને કારણે ટ્રેનો પ્રભાવિત થશે. જેમાં 18 ફેબ્રુઆરી ના રોજ ઉપડનારી ટ્રેન નં.12656 ચેન્નાઈ - અમદાવાદ નવજીવન એક્સપ્રેસ 19 ફેબ્રુઆરીના રોજ વડોદરા ડિવિઝન પર 40 મિનિટ માટે નિયમન કરવામાં આવશે. 19મીએ ઉપડનારી ટ્રેન નં. 09724 બાંદ્રા ટર્મિનસ - જબલપુર સ્પેશિયલ, ટ્રેન નં. 09724 બાંદ્રા ટર્મિનસ - જબલપુર સ્પેશિયલ વડોદરા ડિવિઝન પર 40 મિનિટ માટે નિયમન કરવામાં આવશે.

રબારી સમાજના સંતો ,મહંતો ,ભુવાજીઓ તેમજ સામાજિક આગેવાનોનું કરાશે સન્માન

રાયકામાં ગુરુવારે ગોગા મહારાજના નવ નિર્મિત મંદિરમાં નવચંડી યજ્ઞ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા તાલુકાના રાયકા ગામે શ્રી મેમા ખોડીયાર, સિકોતર, મહીસાગર, મેલડી માતાજી અને ગોગા મહારાજના નવ નિર્મિત મંદિરમાં નવચંડી યજ્ઞ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તથા લીલુડા માંડવાનું ફાગણ સુદ - ૨ ને ગુરુવાર તા.૧૯.૦૨.૨૦૨૬ ના રોજ આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન અવસરે સવારે ૮.૩૦ કલાકે માતાજીની થાંભલી, સવારે ૯.૦૦ કલાકે નવચંડી યજ્ઞનો પ્રારંભ થશે જયારે સવારે ૮.૦૦ કલાકે માતાજીના ફોટાની શોભા યાત્રા યોજાશે.સાંજના ૬.૦૦ કલાકે મહા

પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું છે.રાત્રે ૯.૦૦ કલાકે માતાજીનો માંડવો યોજાશે. તા.૧૯.૦૨.૨૦૨૬ ના રોજ સાંજના ચાર કલાકે સંતો, મહંતો, ભુવાજીઓ તેમજ સામાજિક આગેવાનોના આગમન સાથે સન્માન કરવામાં આવશે.

આ પ્રસંગે રબારી સમાજની ગુરૂગાદી દુધરેજના મહામંડલેશ્વર કનીરામ બાપુ,કોઠારી મુકુંદરામ બાપુ, ડાકોર રામજી મંદિરના મહંત શ્રી ઘનશ્યામદાસ બાપુ,કાસવાના ધર્મરત્ન ભુવાજી રાજા બાપા, ચેહરધામ ખંભોળજના ભુવાજી નાગજીભાઈ રબારી, ભાદરવાના ભુવાજી જગદીશભાઈ રબારી સહિત રબારી સમાજની વિવિધ ગુરૂગાદીઓના સંતો, મહંતો,ભુવાજીઓ સહિત સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

Dakshin Gujarat Vij Company Limited
CIN U40102GJ2003SGC042909
Kadodara Division
GETCO 66 KV SS Compound, Kadodara, Surat 394 327
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

Tender Notice

Tenders are invited from registered contractors for (1) ARC work of providing Bird Guard and sleeves on Transformer Centre at various villages under Kadodara-2 sub-division under various Schemes. (2) Work of testing, laying & commissioning of UG cable with cable end termination & straight jointing kits (to be supplied by the contractor) on ARC basis for work at area under GETP & ERTHAN SS of Palsana sub-division. (3) Laying, testing & Commissioning of 11kV XLPE HT UG cable work and HT/LT, TC erection work under various scheme for Palsana sub-division or 66 KV Palsana substation and Roongta substation. (4) ARC work for rising of plinth of various TC at various locations under Kamrej-2 sub division. (5) ARC work of erection HT, LT, TC and service connection as per REC norms under various Schemes for Sevani sub-division. (6) Work of laying, testing and commissioning of 11/22 KV underground XLPE cable under various scheme for Sevani and Kadodara Ind. sub-division (Jolwa SS Area) or any sub divisions under Kadodara Division. For further details & download, please visit https://dgvcl.com & https://tender.nprocure.com.

EE (O&M), Kadodara Division Office, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

આર્ટ્સ ફેકલ્ટીમાં અનુવાદ વિષય પર સાત દિવસની કાર્યશાળાનું આયોજન

અનુવાદ એ સાહિત્યને વિશ્વસ્તરે પહોંચાડવાનું શ્રેષ્ઠ માધ્યમ : પ્રો.ડો. રવીન્દ્રકુમાર પંડા

મહારાજાએ ભારતભરમાંથી વિદ્વાનોને બોલાવી લગભગ 70 જેટલાં ગ્રંથોનું ગાયવાડ ઓરિએન્ટલ સિરીઝ હેઠળ અનુવાદ કરાવ્યો હતો : રાજમાતા

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને સંસ્કૃત, પાલિ અને પ્રાકૃત વિભાગ દ્વારા અનુવાદ વિષય પર સાત દિવસની કાર્યશાળાનું આયોજન ફેકલ્ટી ઓફ આર્ટ્સના અરવિંદ સેમિનાર હોલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં અધ્યક્ષ સ્થાને રાજમાતા શુભાંગિની રાજે ગાયકવાડ ઉપસ્થિત રહ્યાં હતાં અને વિદ્યાર્થીઓને ઉદ્બોધન કર્યું હતું.

વર્ષ 1933માં મહારાજા સયાજીરાવ ગાયકવાડ તૃતીયની સ્મૃતિઓને સ્મરણ કરતાં રાજમાતા અને વાઈસ ચાન્સેલરે જણાવ્યું હતું કે, મહારાજાએ ભારતભરમાંથી વિદ્વાનોને બોલાવી લગભગ 70 જેટલાં ગ્રંથોનું ગાયવાડ ઓરિએન્ટલ સિરીઝ હેઠળ અનુવાદ કરાવ્યો હતો. મહેમાનોને આવકારતાં પ્રો. ડો. કલ્પના ગવલી એ આ કાર્યશાળાને બિરદાવી હતી.

તદુપરાંત આ સત્રમાં મુખ્ય અતિથિ તરીકે સંસ્કૃત વિભાગનાં પૂર્વ અધ્યક્ષ અને જગન્નાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલયનાં પૂર્વકુલપતિ પ્રો. ડો. રવીન્દ્રકુમાર પંડા તેમજ અંગ્રેજી વિભાગનાં પ્રોફેસર પ્રો. ડો. સચિન કેતકરે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને અનુવાદ વિષયક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

અનુવાદ એ સાહિત્યને વિશ્વસ્તરે પહોંચાડવાનું શ્રેષ્ઠ માધ્યમ છે. પ્રાચીન ભારતમાં વિજ્ઞાન અને સાહિત્યનો જેટલો વિકાસ થયો તે કોઈ ન કોઈ રીતે સંસ્કૃતભાષાનાં માધ્યમથી આજદિન સુધી સચવાયેલું રહ્યું છે. આ વર્કશોપનાં માધ્યમથી વિદ્યાર્થીઓ અનુવાદની કલાને વિશેષરૂપે શીખી શકશે અને ભવિષ્યમાં સંસ્કૃત તેમજ અન્ય ભાષાનાં ગ્રંથોનો સચોટ અનુવાદ કરી શકશે તેમ વિભાગનાં અધ્યક્ષા ડો. શ્વેતા જેજુરકરે જણાવ્યું હતું.

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિ.
Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 802, નટરાજ રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને એમ વી રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-400069.
ગોધરા શાખાઃ દુકાન નં. 3, પ્રથમ માળ, શ્રી સ્વામિનારાયણ એવે, બમરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત - 389001.

ઇ-ઓક્શન સેલ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ-2002 હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઇ-ઓક્શન સેલ નોટિસ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ-2002ના નિયમ 8(6)ની જોગવાઈઓ સાથે વાંચવામાં આવી છે.
આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધાર લેનારાઓ અને બાંયધરી આપનારાઓને નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સ્થાવર મિલકત મોર્ગેજ છે, જેનો કબજો આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. જે મિલકત કોઈ જાણીતા બોજા વિના 'જ્યાં છે ત્યાં', 'જેમ છે તેમ' અને 'જે છે તે' આધારે વેચવામાં આવશે, જેની વિગતો નીચે આપેલ છેઃ

ક્રમ નં.	દેવાદાર(ઓ)/ સહ-દેવાદાર(ઓ)/ જામીનદાર(ઓ)	ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	રિઝર્વ પ્રાઇસ (RP)	EMD (RPના ૧૦%)	કબજાનો પ્રકાર
1	(લોન કોડ નં. 17610000085/ ગોધરા શાખા) હિમાંશુકુમાર પટેલ (દેવાદાર) જીવીબેન સોમાભાઈ પટેલ (સ